| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૩/૦૭/૨૦૨૩ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૪૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૧૫૭ લીટર દેશી દારૂ, ૫૯૨૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૦૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૧૨ બીયરટીન, ૧ ટ્રક, ૦૩ કાર, ૦૫ મોટર સાયકલ અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૮ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૭,૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૪૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૧૫૦/૨૦૨૩

**ગુજરાત યુનિવર્સીટીઃ** પ્રિયંક ભરતકુમાર શાહ (ઉ.વ.૩૮)(રહે,વૃદાવન બંગ્લોઝ વિભાગ-૨, એવન સ્કુલ સામે, સેટેલાઈટ) એ તા.૧૨/૦૭/૨૦૨૩ ના રોજ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૧/૨૦૨૨ થી તા.૨૬/૦૪/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન ગુલબાઈ ટેકરા, પંચવટી, વાઈટ હાઉસ સામે સુર્યરથ કોમ્પ્લેક્ષ આવેલ પ્રિવ્યા કલીનીકમાં ગીત કેમીસ્ટ મેડીકલ સ્ટોર ખાતે ફાર્માસીસ્ટ તરીકે નોકરી કરતા આરોપી રાહુલ ભરતભાઈ ચૌહાણએ દર્દીના દવાના સાચા બીલો સાથે છેડછાડ કરી બોગસ બીલો બનાવી તેમજ બીલ વગર દવાઓ બારોબાર વેચી કુલ રૂપિયા ૫,૫૦,૦૦૦/- ઉચાપત કરી તે પૈકી રૂપિયા ૧,૦૦,૦૦૦/- પરત કરી બાકી રૂપિયા ૪,૫૦,૦૦૦/- પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ચૌધરી ચલાવે છે.

**નિકોલઃ** કલ્પેશભાઇ કુલચંદભાઇ ઝાલા (ઉ.વ.૪૫)(રહે.લક્કીપાર્ક સોસાયટી મોઢેરા રોડ, મહેસાણા) એ તા.૧૨/૦૭/૨૦૨૩ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૧/૨૦૨૩ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે નિકોલ પંચમમોલ ખાતે આવેલ "ફોનવાલે" નામની દુકાન ખાતે બ્રાન્ચના મેનેજર તરીકે કામ કરતા મયંક વસંતભાઇ ગજ્જર (રહે.પુષ્કર રેસીડેન્સી અન્નપુર્ણા હોટલ પાછળ નારોલ) એ મોબાઇલ એસેસરીઝ અને મોબાઇલ ફોનના વેચાણની રોજે-રોજની પુરે-પુરી રકમ જમા નહી કરાવી કુલ રૂપિયા ૪,૮૬,૯૯૨/- નહી ભરેલ રકમ પેટે રૂપિયા ૧,૧૯,૭૭૨/- જમા કરાવી બાકી નીકળતા કુલ રૂપિયા ૩,૬૭,૨૨૦/- જમા નહી કરાવી "ફોનવાલે" કંપની સાથે વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.કુશવાહ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૫૧/૨૦૨૩</u>**

**કાગડાપીઠઃ** જ્યોર્જ મેન્યુ અલકેસકર (ઉ.વ.૮૧)(રહે,મોના એપાર્ટમેન્ટ, ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા) એ તા.૧૨/૦૭/૨૦૨૩ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૭/૨૦૨૩ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે ગીતામંદીર બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ ખાતે જ્યોર્જભાઇ ના પેન્ટ ના ખીસ્સામાંથી અજાણી વ્યક્તિ પર્સ ચોરી કરી લઇ ગઇ હતી. જે પર્સમાં રોકડ રૂપિયા ૨,૦૦૦ તથા ઓરીજીનલ પાનકાર્ડ, આધારકાર્ડ, આઇકાર્ડ અને પરચૂરણ કાગળો સાથે જુદી-જુદી બેંકના ATM કાર્ડ મુકેલ હતા. જે એ.ટી.એમ. કાર્ડ દ્વારા અજાણી વ્યક્તિએ જ્યોર્જભાઇના બેંક ખાતામાંથી રૂપિયા ૭૮,૦૦૦/- ઉપાડી લીધા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.બામ્ભા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૫૨/૨૦૨૩</u>**

**ચાંદખેડાઃ** નમ્રતાબહેન વા/ઓ પ્રતિકભાઇ છીછીયા (ઉ.વ.૩૮)(રહે,મૈત્રી શીવગ્રીન ફ્લેટ SBM હોસ્પીટલની ઉપર મોટેરા) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૭/૨૦૨૩ બપોરના ૩/૩૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.પી.પટેલ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** ઇંદુદેવી વા/ઓ શીવરામ પટેલ (ઉ.વ.૩૬)(રહે.કૃષ્ણદેવી ભુવાની ચાલી, જગદીશનગર, સોલ ઓરડી સામે, અમરાઇવાડી) એ બિમારીથી કંટાળી તા.૧૨/૦૭/૨૦૨૩ બપોરના ૨/૦૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ છનાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી